R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 40 DATE: 06-10-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## આંદોલનોમાં થતા નુકશાન માટે નેતાઓને જેલ અને દંડનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ



સુપ્રીમ કોર્ટે હિંસક આંદોલનો સામે આકરુ વલણ અપનાવતાં જણાવ્યુ હતું કે આંદોલનો અને બંધના એલાનો દરમિયાન થતાં મોત અને જાહેર તથા ખાનગી સંપત્તિના નુકશાન માટે ટોળાને હિંસા માટે ઉશ્કેરનારા સંગઠનોના નેતાઓને વ્યક્તિગત રીતે ક્રિમિનલ કેસનો સામનો કરવો પડશે.તેમણે હિંસાનો ભોગ બનેલા પીડીતોને વળતરની ચુકવણી કરવી પડશે.નિવૃત થયેલા ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ. ખાનવિલકર અને ડીવાય ચંદ્રચુડની બેન્ચે ફિલ્મો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને કલાની સ્વતાંત્રતાની વિરુધ્ધમાં દેખાવોના નામે જાહેર અને ખાનગી સંપત્તિને નુકશાન પહોચડવા માટે ટોળાંને ઉશ્કેરનાર સંગઠનોના નેતાઓ પર ગુનાઈત જવાબદારી લાદવાનો આદેશ આપ્યો હતો.બેન્ચે જણાવ્યુ હતું કે ટોળા દ્વારા થતી હિંસા અને થતાં નુકશાનની ભરપાઈ કરવા માટે કરદાતા પર બોજો નાંખી શકાય નહીં.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ કે હિંસામાં ભાગ લેનાર દરેક વ્યકિત સામે આઈપીસીની ધારા ૧૫૩એ, ૨૯૫એ, ૨૯૮ અને ૪૯૫ અંતગર્ત કેસ નોંધવામાં આવે.જો નેતાઓ દ્વારા કોઈ વ્યક્તિ સોશ્યલ મિડીયાના ગ્રુપ અથવા પ્રવક્તા દ્વારા હિંસાનું આહવાન કરાશે તો પણ કેસ નોંધવામાં આવશે.સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે હિંસા આચરતાં લોકો પીલસ દ્વારા રંગેહાથ પકડાય તો તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.જો કોઈ નેતા સબંધિત પોલીસ સ્ટેશનમાં હાજર નહી થાય તો તેની સામે શંકાસ્પદ તરીકે કેસ ચલાવવામાં આવે અને તેને ભાગેડું અપરાધી જાહેર કરાય.

## સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રા નિવૃત થતાં તેમના અનુગામી તરીકે જસ્ટીસ રંજન ગોગોઇ ચાર્જ સંભાળશે

દેશના મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રા નિવૃત થતાં તેમના અનુગામી તરીકે જસ્ટીસ રંજન ગોગોઈએ તેમના અનુગામી તરીકે ચાર્જ લીધો હતો.જસ્ટીસ દિપક મિશ્રાની ફેરવેલ પાર્ટીમાં તેઓ મુક્ત મને બોલ્યા હતા તેમજ અનેક મુદ્દાઓ પર ચર્ચા પણ કરી હતી.તેમણે કહ્યુ હતુંકે હું લોકોને ઈતિહાસની રીતે જજ નથી કરતો. હું એવુંપણ કહી નથી શકતો કે તમે તમારી વાત અટકાવો, જેથી બું બોલી શકું.હું તમારી વાત સાંભળીશ અને પોતાની રીતે મારી વાત રજુ કરીશે.લોકોને ઈતિહાસથી નહી તેમની ગતિવિધિ અને વિચારથી જજ કરુ છું.તેમણે કહ્યુ કે સમતાની સાથે ન્યાય મતલબ કે જસ્ટીસ વિથ ઈક્વિટી ત્યારે સાર્થક થસે જ્યારે દેશના સુદુર વિસ્તારમાં કોઈનો કોઈ વ્યક્તિને ન્યાય મળશે.ન્યાયનો માનવીય ચહેરો અને માનવીય મુલ્યો હોવા જોઈએ.ગરીબ અને ધનિકના આંસુ સરખાં છે. તેમણે કહ્યુ કે હું પણ યુવા પેઢીનો ભાગ છું ઈન્સાફનો ચહેરો અને ઝોક માનવીય હોવો જોઈએ.

પોતાના અનુગામી જસ્ટીસ ગોગોઈની પ્રશંસા કરતાં તેમણે કહયું કે તેઓ ન્યાયિક સ્વાયતતા અને ગરિમાને આગળ વધારતા રહેશે.ભારતીય ન્યાયતંત્ર સંપુર્ણ દુનીયામાં સૌથી મજબુત છે.અહી લોકોના અધિકારોને સલામત રાખવામાં આવે છે.આ તમામ જજોને કારણે સંભવ છે.તેમ જણાવતાં તેમણે કહ્યુ કે અનેક હુમલા છતાં અમારુ ન્યાયતંત્ર મજબુત છે.

## કેન્સર થેરાપી વિકસિત કરનારા બે વિજ્ઞાનીઓને મેડિસીનનો નોબલ પુરસ્કાર





આ વર્ષે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ સાયંસ માટેનો નોબલ પુરસ્કાર કેન્સર સબંધી સારવારની શોધ કરનારા અમેરિકી અને જાપાની સંશોધકને આપવામાં આવ્યો છે.જેમ્સ પી એલીસન અને તાસુકા હોજોને કેન્સર થેરાપીની શોધ કરવા માટે આ સન્માન આપવામાં આવી રહ્યુ છે.કેન્સરની અસાધ્ય બિમારીના ઈલાજ માટે આ બંને વૈજ્ઞાનિકોએ એવી થેરાપી વિકસિત કરી છે કે જેનાથી શરીરની કોશીકાઓમાં (સેલમાં) ઈમ્યુન સિસ્ટમને કેન્સર ટ્યુમર સામે લડા માટે મજબુત બનાવી શકાશે. નોબેલ એસેમ્બલીએ કહ્યુ કે જેમ્સ એલીસન અને તાસુક હોન્જોએ નેગેટિવ ઈમ્યુન રેગ્યુલેશન પ્રતિરોધ થેરાપી શોધી છે જો કેન્સરની સારવારમાં ઉપકારક નીવડશે.ઈમ્યુન ચેકપોઈન્ટ ઈનહિબિટર થરાપી અંતગર્ત કેટલાક ઈમ્યુન સિસ્ટમ સેલ પ્રોટીન અને કેન્સરના સેલને ટાર્ગેટ કરે છે. પ્રોટીન કેન્સરના સેલને મારવા માટેની એક સંરક્ષણ દિવાલ રચે છે.એલીસન ટેકસાસ યુની.ના પ્રોફેસર છે અને હોન્જો ક્યોટો યુનીમાં ભણાવે છે.૨૦૧૪નું એશિયા નોબેલ ગણાતું તાંગ પ્રાઈઝ તેઓ જીતી ચુક્યા છે. બંનેને નોબેલ સમિતિ દ્વારા ૮,૭૦,૦૦૦ યુરો આપવામાં આવશે.

બીજી તરફ આ વર્ષે સાહિત્ય ક્ષેત્રમાં કોઈને નોબલ પ્રાઈઝ આપવામાં આવશે નહીં.૭૦ વર્ષમાં પહેલીવાર એવું બનશે કે સાહિત્યનું નોબેલ પુરસ્કાર કોઈને અપાશે નહીં.કારણકે સ્વીડનમાં સાંસ્કૃતિક ગતિવિધિના ખ્યાતનામ ચહેરા તરીકે ઓળખાતા ફ્રાંસના નાગરિક ઝ્યાં-કલાઉડ અર્નોલ્ટ પર યૌનશોષણનો આરોપ મુકાયો છે. જો કે કેન્સરની દુર્લભ બીમારીના ઈલાજ માટે નવી શોધ કરનાર બંને વૈજ્ઞાનિકોને મેડિકલ ક્ષેત્રે માટે નોબેલ પુરસ્કાર ચોક્કસ અપાશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રફાલ ડીલના મુદ્દે સરકારને કલીન ચીટ આપી નથી : એનસીપી નેતા શરદ પવાર

મહારાષ્ટ્રના બીડમાં એક રેલીને સંબોધન કરતાં શરદ પવારે ગત સપ્તાહે આપેલા નિવેદનથી વિરુધ્ધમાં જણાવ્યુ હતું કે એમણે ક્યારેય રફાલ ડીલને લઈને કેન્દ્રની એનડીએ સરકારનું સમર્થન કર્યુ હોય કે કલીન ચીટ આપી હોય.પવારે કહ્યુ હતું કે આ કૌભાંડમાં તેમણે સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગણી કરી છે.

ફ્રાંસના રફાલ યુધ્ધ વિમાનનીડીલને લઈને કેન્દ્ર સરકાર વિપક્ષના નિશાના પર છે. વિપક્ષી દળોમાં હવે એનસીપીના નેતા શરદ પવાર પણ સામેલ થઈ ગયા છે.પવારે રફાલ ડીલને લઈને મોદી સરકારને ક્યારેય કલીન ચીટ આપી નથી.એનસીપીના નેતા એ માંગ કરી કે કેન્દ્ર સરકાર રફાલ વિમાનના ભાવનો ખુલાસો કરે અને જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી(જેપીસી) પાસે તપાસ કરાવે. અહી એ નોધવું રહ્યું ખે કોગ્રેસ શરુઆતથી રફાલ ડીલ માટે જેપીસીના માંગણી કરી રહી છે.આમ એનસીપીના નેતા શરદ પવારે જેપીસી તપાસ માટે કોગ્રેસને સમર્થન આપ્યું છે.જો રફાલ ડીલના મામલે યશવંત સિહા અને અરુણ શૌરી પણ જેપીસીની તપાસ માટે માંગણી કરી રહ્યા છે.સરકાર હવે જિદે ભરાઈ હોય તેમ લાગે છે. કારણકે રોજ એક કેન્દ્રીય મંત્રી આ ડીલને છાવરવાનો પ્રયત્ન કરે છે. ફ્રાંસના પ્રમુખ જેમની હાજરીમાં આ ડીલ થઈ તેઓએ આપેલા નિવેદનને તેઓ વળગી રહ્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે આધારનો મુદ્દો સાવ લુલો કર્યો નથી.પરંતુ કોર્ટે તેના બંધારણીય ઔચિત્યને બહાલ ઠેરવ્યું છે.સામાન્ય નાગરિકોને થતી કનડગતમાં બેન્કોના ખાતા,મોબાઈલ સીમકાર્ડ,સ્કુલ એડમીશન,પ્રવેશ પરીક્ષાઓમાં જે આધારની માંગણી કરાતી હતી તેનો અંત આવ્યો છે.જેથી સામાન્ય નાગરિકોને રોજબરોજની થતી ઉપાધીઓમાંથી છુટકારો મળ્યો છે.આધારને બેન્ક ખાતા સાથે જોડવું ફરજીયાત નથી પરંતુ પાન કાર્ડ સાથે જોડવું ફરજીયાત બનાવ્યું.પાન કાર્ડ વગર બેન્ક ખાતુ ખુલતું નથી એટલે બેન્કમાં ખાતુ ખોલાવવા અને ઈન્કમટેક્ષ રીટર્ન ભરવા માટે આધારની જરુરીયાત તો રહેશેજ. જો કે બેન્કો અને અનેક ખાનગી કંપનીઓએ આ ચુકાદા પ્રત્યે રોષ વ્યક્ત કર્યો છે.તેમણે આધાર લિંકેજના ટેકનીકલ સેટઅપમાં બહુ મોટું રોકાણ કર્યું છે. આધારને કારણે ગ્રાહકની ઓળખની પાકી ખાતરી મળતી હતી.જો કે સંસદમાં ખાનગી કંપનીઓને નાગરિકોના આધાર નંબર મેળવવાની છુટ આપતો કાયદો પસાર કરવાની છુંટ છે.સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાઓમાં સંસદે ફેરફારો કર્યા છે તેથી વર્ચસ્વ ધરાવતા બળો તેમ કરાવી શકે છે.

સંસદમાં આધારને નાણાં ખરડા તરીકે પસાર કરવાની સુપ્રીમે આપેલી બહાલીએ ભયસ્થાન ઉભું કર્યું છે.જો કે સંસદમાં આમ પણ ક્યા ખરડાને નાણાં ખરડો ગણવો તે નક્કી કરવાનો અધિકાર સ્પીકરને હોય છે.સુપ્રીમ કોર્ટે આ વિશેષાધિકારમાં ડખલ કરવાનું માંડી વાળ્યું છે.તેથી જોખમ ઉભુ તો થયું છે.ભવિષ્યમાં કોઈપણ સરકાર કોઈપણ ખરડાને આડેધડ નાણાં ખરડા તરીકે ઘુસાડી દેશે.નાણાં ખરડાને રાજ્યસભાની મંજુરી લેવી પડતી નથી.તેથી સરકાર આધારને નાણાં ખરડા તરીકે લોકસભામાં પસાર કરાવી દેશે તેવું નાણાંમંત્રીના નિવેદન પરથી લાગે છે.નાણાં ખરડાને રાજ્યસભાની મંજુરી કે બહાલીની જરુર પડતી નથી. લોકસભામાં બહુમતી ધરાવતો પક્ષ તે પસાર કરી દે એટલે પત્યું. સરકારની બહુમતી લોકસભામાં છે અને તેઓ તેમ કરશે તેવું નક્કી લાગે છે.

જસ્ટીસ ચંદ્રચુડે બેન્ચના ચુકાદાથી વિપરિત અને અસંમતિ ધરાવતા ધારદાર નિરિક્ષણો કર્યો છે.તેમણે કહયું છે કે આધાર એક છળ છે.તેમણે આધારની અધુરપો સહિતની નબળાઈઓ ગણાવી છે.તેના પર સરકારે પોતાનો અહંમ વચ્ચે લાવ્યા વગર જાહેર હિતમાં ધ્યાન દેવું જરુરી છે.જસ્ટીસ ચંદ્રચુડના નિરિક્ષણોએ આધારને સંપુર્ણપણે રક્ષિત કરવાને બદલે ભવિષ્ય માટે અવકાશ ખુલ્લો રાખ્યો છે. જે પ્રમાણે કોગ્રેસના કપિલ સિબ્બલે કહ્યુ છે તે પ્રમાણે ભવિષ્યમાં જરરીયાત ઉભી થાય તો સાત જજોની બેન્ચ પાસે ફરીથી ચુકાદા માટે જઈ શકાશે.કોગ્રેસે મની બિલ તરીકે આધારને સ્વીકારવાની ચોખ્ખી ના પાડી દીધી છે તે આગળ ઉપર આ બાબતે કોર્ટમાં જઈ શકે છે તેમ માની શકાય.જો કે એનડીએ માટે આધાર ને બચાવવા માટે બધાજ પ્રયત્નો થશેજ કારણકે હવે તેમાં સરકારની આબરુનો સવાલ છે.

## મંતવ્ય

રાષ્ટ્રપિતા મોહનચંદ કરમચંદ ગાંધી એટલે આપણા બાપુ જેમની ૧૫૦મી જન્મ જયંતિમાં આપણે પ્રવેશ પામ્યા છીએ. લગભગ ૯૬ વર્ષ પહેલા આઝાદીના સંગ્રામ વખતે ગાંધીજીએ જે કહ્યુ હતું તે આજે પણ સત્ય છે.તેણે કહેલું કે અડધી ભુખી રહેતી ગામડાની ગરીબ પ્રજા ધીમે ધીમે કેવી રીતે મરી રહી છે તેની શહેરમાં રહેનારા લોકોને કશી ખબર પડતી નથી.જાતને અને બીજાઓને છેતરવા ગમે તેટલી દલીલી કરીએ કે આંકડાઓના દાવપેચ રમીએ, નરી આંખે દેખાતા ગામડાના હાડપિંજરોનો પુરાવો ઉડાવી શકાય તેમ નથી. સમયના ફેરફાર સાથે કહીએ તો જગતનો તાત દેશમાં આત્મહત્યા કરવા મજબુર બન્યો છે.વિકાસના નામે છેતરપીડીનો એક પ્રયોગ ચાલી રહ્યો છે જેના દ્વારા લોકમાનસને વશ કરવામાં આવી રહ્યું છે.ગાધીને નામે ચરી ખાનારઓની જમાત ચારેકોર બીછાયેલી પડી છે.અને તેમનુ કામ માત્ર એ છે કે ગાંધીને નામે જાહેરમાં દેખાડો કરતાં જ રહેવું અને ચરતા રહેવું. ગાંધી માત્ર જાહેર ખબરો,કરન્સી નોટોમાં,જાહેર રસ્તાઓ પર શિલ્પોમાં જોવા મળે છે. ગાંધી વિચાર અને કર્મ આથમી ગયા છે. સારુ છે કે ગાંધીજી આજે આપણી સાથે નથી નહિતો તેઓ આ બધું જોઈને શું કહેત ? આઝાદી મેળવવામાં ભારે ભુલ કરી એવું તો ના વિચારતને !

કૌશિક કે. વ્યાસ

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ભાજપા નેતૃત્વ માલ્યા સાથેના સબંધોની સ્પષ્ટતા કરે : યશવંત સિંહા

ભાજપના પુર્વ નેતા યશવંત સિંહાએ જણાવ્યુ હતું કે ફક્ત અરુણ જેટલી જ નહીં પરંતુ ભાજપની આખી નેતાગીરીએ માલ્યા સાથેના તેમના સબંધો અંગેની સ્પષ્ટતા કરવી જોઈએ. ભાજપના તમામ નેતાઓએ વિજય માલ્યા સાથેના તેમના સબંધો કેવા છે તે અંગેની વિગતો જાહેર કરવી જોઈએ.

કેજરીવાલે પણ ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે માલ્યાનો ખુલાસો અત્યંત ચોકાવનારો છે.શા માટે નાણાંમંત્રીએ આ માહીતી અત્યાર સુધી છુપાવીને રાખી હતી.નીરવ મોદી ભાગે તે પહેલા પીએમ મોદી મળે છે . વિજય માલ્યા નાસે તે પહેલાં નાણાં મંત્રીને મળે છે. શુ ખીચડી રંધાઈ છે તે લોકો જાણવા માંગે છે.કેજરીવાલે સુબ્રમણ્યમ સ્વામીની ટ્વીટ રિટ્વિટ કરી હતી.જેમાં સ્વામીએ કહ્યુ હતું કે માલ્યા સામે લુકઆઉટ નોટીસ હોવાથી તે એરપોર્ટ પરથી ભાગી શકે નહીં.માલ્યા દિલ્હી આવ્યા હતા અને કોઈને મળ્યા હતા.આ કોઈ શક્તિશાળી નેતા હતા જે નોટીસને બદલી શકે. આ લુકઆઉટ નોટિસ બદલી નાંખનાર કોણ હતું ?

જ્યારે રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે લંડનમાં વિજય માલ્યાએ કરેલા ગંભીર આક્ષેપોને પગલે વડાપ્રધાને આ કેસમાં તાકીદે સ્વતંત્ર તપાસના આદેશ આપવા જોઈએ. આ તપાસ ચાલતી હોય ત્યારે જેટલીએ રાજીનાણું આપી દેવું જોઈએ.

માલ્યા કેસમાં જેમ જેમ ભાજપની નેતાગીરી વિવિધ નિવેદનો આપે છે તેમાં તે ભરાઈ જાય છે.માલ્યા, નીરવ મોદી કે ચોકસીના કેસમાં ઉચ્ચ નેતાગીરીએ જવા માટે મોકળાસ કરી આપી છે તે નક્કી થાય તેવી શંકા ઉભી થાય છે.

## રાફેલ સોદામાં વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડા કર્યા છે : અરુણ શૌરી

ભારતીય જનતા પાર્ટીના પુર્વ નેતા યશવંત સિંહા અને અરુણ શૌરીએ ધારાશાસ્ત્રી પ્રશાંત ભુષણ સાથે પત્રકાર પરિષદ યોજીને આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મોદીએ હાઈપ્રોફાઈલ રાફેલ સોદા અંગે અંતિમ નિર્ણય લેતાં પહેલાં સંરક્ષણ સામગ્રીની પ્રાપ્તિ પ્રક્રિયાનો ભંગ કર્યો હતો.રાફેલ સોદા માટે વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત રીતે જવાબદાર હોવાના આક્ષેપ કરતાં ત્રણેયે જણાવ્યુ હતું કે તેમણે ડિફેન્સ પ્રોક્યુમેન્ટ પ્રોસિજરના તમામ નિયમોને બાયપાસ કરીને રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડા કર્યા છે.અરુણ શૌરીએ આક્ષેપ કરતાં જણાવ્યુ હતું કે વિમાનોની સંખ્યા જાતે જ એકપક્ષી રીતે ૧૨૬થી ઘટાડીને ૩૬ કરી નાંખી હતી.હકીકતે વાયુદળનું મુખ્યાલય જ સંખ્યા વિષે નિર્ણય લઈ શકે. શૌરીએ આક્ષેપ કર્યો હતો કે માત્ર બે દિવસમાં વડાપ્રધાન મોદીએ વર્ષોથી ચાલી આવતી પ્રક્રિયાને ઉંધીચત્તી કરી નાંખી હતી.તેમને તેમ કરવાની સત્તા નથી.

આવાજ આક્ષેપ કરતાં પ્રશાંત ભુષણે જણાવ્યુ હતું કે સરકાર વાયુસેનાના સેવારત અધિકારીઓને રાફેલ જેટની ખરીદીનો બચાવ કરવા દબાણ કરી રહી છે.વિમાન ઉત્પાદનમાં હિંદુસ્તાન એરોનોટિક્સ લી. જેવી અનુભવી સંસ્થાને બદલે રિલાયન્સ ડિફેન્સ લી. પર પસંદગી ઢોળાંતા લેવાયેલા નિર્ણયને આ નેતાઓએ પડકાર્યો હતો.

## એસસી-એસટી એક્ટમાં ૭ વર્ષથી ઓછી સજા હોવાથી આરોપીની સીધી ધરપકડ ના થઇ શકે : કોર્ટ

એસસી-એસટી એકટ પર અલ્હાબાદ હાઈકોર્ટે સ્પુરીમ કોર્ટે આપેલા આદેશને ટાંકતા આરોપીઓની સીધી ધરપકડ સામે નારાજગી જાહેર કરી છે.અલ્હાબાદ હાઈકોર્ટનું કહેવું છે કે આ કાયદાના અન્ય નિયમો કેજેમાં સજા સાત વર્ષ કે તેથી ઓછી છે તે અંતગર્ત આરોપીઓની સીધી ધરપકડ ત્યારે જ સંભવ છે કે જ્યારે આવશ્યક હોય. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટેના એક મહત્વના ચુકાદાને ટાંકતા કહ્યુ છે કે આવા કેસમાં આરોપીને પહેલાં નોટિસ આપીને પુછપરછ માટે બોલાવવો જોઈએ.આરોપી જો નોટીસની શરતોનું પાલન કરે તો પુછપરછ અને અધુરી તપાસે તેની ધરપકડ થઈ શકે નહીં. જસ્ટીસ અજય લાંબા અને જસ્ટીસ સંજય હરકોલીની બેન્ચે એસસી-એસટી સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વાર બહાર પાડેલા અધ્યાદેશ પછી ૧૯ ઓગષ્ટે દાખલ થયેલી એફઆઈઆર રદ કરવાની માંગણી સાથે થયેલી અરજીની સુનાવણી દરમિયાન સ્પષ્ટતા કરી હતી.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

**કાર ભાડે મળશે**

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે


## દહેજ કેસમાં પતિની તત્કાળ ધરપકડ થઇ શકશે : પતિ પાસે આગોતરા જમીન લેવાનો વિકલ્પ ખુલ્લો: સુપ્રીમે જુનો ચુકાદો ફેરવી તોળ્યો

દહેજ સતાવણીના કેસમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો જાહેર કર્યો છે.સુપ્રીમ કોર્ટે પોતાનો એક જુનો ચુકાદો બદલીને પતિના પરિવારને મળતું સુરક્ષા કવચ ખતમ કરી દીધું છે.એટલે હવેથી દહેજ મામલે સતામણીના કેસમાં પતિની તાત્કાલિક ધરપકડ થઈ શકશે.આ ચુકાદો આપનારી સુપ્રીમ કોર્ટેની બેન્ચમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર,અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ સામેલ હતા.દહેજ સતાવણી કાનુન(૪૯૮એ) પર પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહયું કે હવે ફરિયાદની સુનાવણી માટે કોઈ પરિવાર કલ્યાણ કમિટિની જરુર રહેશે નહીં.

કોર્ટનું કહેવું છે કે પીડીત મહિલાની સુરક્ષા માટે આ પ્રકારના નિર્ણયની ખુબ જરુર છે. જો કે, પતિ માટે આગોતરા જામીન લેવાનો વિકલ્પ સુપ્રીમ કોર્ટે ખુલ્લો  રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે સમાજમાં મહિલાઓને સમાન હક મળવો જોઈએ. એમાં કોઈ શંકા નથી સાથે અમે એવો ચુકાદો આપી શકીએ નહીં કે જેનાથી પુરુષ પર કોઈ વિપરિત અસર પડે.

સુપ્રીમ કોર્ટે બે જજની બેન્ચના ચુકાદાને ફેરવી નાંખતા કહ્યુ કે અમે દહેજ સતામણી કેસમાં ધરપકડ પહેલાં આગોતરા જામીનની જોગવાઈને સુરક્ષિત કરી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટેના બે જજની બેન્ચે આદેશ આપ્યો હતો કે દહેજના મામલામાં પતિ કે એમના પરિવારની સીધી ધરપકડ થઈ શકે નહીં.

## સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને મિશનરીઝના તપાસ પંચે પીડીતાની તસવીર જાહેર કરી દીધી

દેશભરમાં નન સાથે બળાત્કારના આરોપી બિશપ ફ્રેન્કો  મુલક્કલની ધરપકડની માંગણી થઈ રહી હોય પણ મિશનરીઝ ઓફ જીસસે તેમને સમર્થન આપીને એક મોટો વિવાદ સર્જી દીધો છે.વાસ્તવમાં, મિશનરીઝ ઓફ જિસસના તપાસ પંચે તપાસમ મળેલા તથ્યો રજુ કરીને પીડીતાની તસવીર જાહેર કરી દીધી છે. અને કહ્યુ છે કે તસવીરમાં પીડીતા બિશપની સાથે બેઠેલી દેખાય છે.જેથી બળાત્કાર થયો નથી એ સાબિત થાય છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કોઈપણ વ્યક્તિ રેપ પીડીતાની તસવીર જાહેર કરી શકે નહીં. જ્યારે આ આદેશનું મિશનરીઝ ઓફ જિસસે ઉલ્લંઘન કર્યું છે. મિશનરીઝ ઓફ જિસસે બિશપ વિરુધ્ધના આરોપને ષડયંત્ર હોવાનું કહ્યું છે. ચર્ચ ગ્રુપના કહેવા પ્રમાણે પીડીતાએ પાંચ નન સાથે મળીને જલંધરના બિશપ વિરુધ્ધ ષડયંત્ર રચ્યું છે. તપાસ પંચનો દાવો છે કે બિશપ ૫ મે,૨૦૧૫ના રોજ કુરવિલગાંડમાં રોકાયા નહોતા. આ સાથે એમ પણ કહેવાયું છે કે ૨૩ મે,૨૦૧૫ની એક તસવીરમાં બિશપ સાથે નન જોવા મળે છે. અને તેનાથી સાબિત થાય છે કે રેપ થયો નથી. તપાસ પંચના કહેવા પ્રમાણે બદલો લેવાની ભાવનાથી નન આવું કરી રહી છે.

## માનવ વિકાસ ઇન્ડેક્સમાં ભારત ૧૩૦માં સ્થાને પહોચ્યું

ભારતમાં અસમાનતા હજુ પણ તેના વિકાસના માર્ગમાં મોટો પડકાર બની ગઈ છે. તેના પ્રમાણે અસમાનતાના કારણે ભારતીની એચડીઆઈ વેલ્યુંને ૨૬.૮ ટકાનું નુકશાન થયું છે.આ નુકશાન દક્ષિણ એશિયન દેશોમાં સૌથી વધુ છે.સંયુક્ત રાષ્ટ્રવિકાસ કાર્યક્રમ દ્વારા જારી નવા હ્યુમન ડેવલબમેન્ટ ઈન્ડેક્સનું મુલ્ય સરેરાશ ૦.૬૩૮થી વધુ છે. આ યાદીમાં બાંગલાદેશ અને પાકિસ્તાન ક્રમશ : ૧૩૬ અને ૧૫૦માં સ્થાને છે.૨૦૧૬માં બારતનું સ્થાન ૧૩૧માં સ્થાને રહ્યું હતું.

એચઆઈડીમાં માનવ વિકાસના ત્રણ બુનિયાદી પાસાઓમાં દીર્ઘકાલિન પ્રગતિનો અંદાજ મેળવવામાં આવે છે. આ ત્રણ પાસાઓમાં દીર્ઘ અને સ્વસ્થ જીવન જ્ઞાનનો પ્રસાર અને ઉત્તમ રહેણી કરણીનું સારુ સ્તર સામેલ છે. આ સુચીમાં નોર્વે,સ્વિત્ઝલેન્ડ,ઓસ્ટ્રેલીયા, આર્યલેન્ડ અને જર્મની ટોચ પર છે.આ રિપોર્ટ અનુસાર ભારતનું એચઆઈડી મુલ્ય ૨૬.૮ ટકા જેટલું અસમાનતાને કારણે ઘટ્યું છે.રિપોર્ટ અનુસાર અસમાનતાના કારણે ભારત માટે પડકાર છે.કેન્દ્ર સરકાર અને અનેક રાજ્ય સરકારોએ વિવિધ સામાજિક સંરક્ષણ ઉપાયો દ્વારા એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે કે આર્થિક વિકાસનો લાભ વ્યાપક રીતે શેર કરવામાં આવે અને કતારમાં ઉબેલા અંતિમ વ્યક્તિ સુધી પહોચે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં નીતિ અને કાયદાકીય સ્તરે ઘણી પ્રગતિ થયા પછી પણ મહિલાઓ રાજકીય,આર્થિક અને સામાજીક રીતે પુરુષોની તુલનામાં ઓછી શસક્ત છે.

## રક્તપિર્તના દર્દીઓના પુનઃ વસન માટે નિયમો ઘડવા સુપ્રીમની સુચના

સુપ્રીમ કોર્ટે અનામત અને વિવિધ કલ્યાણકારી લાભો મેળવવા માટે રક્તપિત્તના દર્દીઓને વિકલાંગતા સર્ટીફીકેટ જારી કરવા માટે અલગ નિયમો તૈયાર કરવાની વિચારણા માટે કેન્દ્રને સુચના આપી છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની આગેવાની હેઠળની બેન્ચે લેપ્રસી નાબુદી અને તેનાથી પીડીત દર્દીઓના પુનઃવસન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો નિર્દેશ જારી કર્યા છે.બેન્ચે જણાવ્યુ હતું કે ખાનગી અને સરકારી હોસ્પીટલોમાં લેપ્રસીના દર્દીઓ સાથે ભેદભાવ ન થાય તેની ખાતરી માટે મેડિકલ સ્ટાફને પુરતો સંવેદનશીલ બનાવી દેવો જોઈએ. લેપ્રસીના દર્દીઓને અલગ પાડી દેવામાં ન આવે  અને તેઓ પણ સામાન્ય લગ્નજીવન જીવી શકે તે માટે એક ઝુંબેશ પણ ચલાવવી જોઈએ.

### જાણવા જેવું

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

### વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


## ઇસરો જાસુસી કેસમાં પુર્વ વૈજ્ઞાનિક નારાયણને સુપ્રીમ કોર્ટે નિર્દોષ ઠરાવીને રુ.પચાસ લાખનું વળતર આપવાનો આદેશ જારી કર્યો



જાસુસી કેસમાં નિર્દોષ સાબિત થયેલા ઈન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ના પુર્વ વૈજ્ઞાનિક નામ્બી નારયણને સુપ્રીમ કોર્ટ દ્વારા મોટી રાહત મળી છે.સુપ્રીમ કોર્ટે પુર્વ વૈજ્ઞાનિકને રુપીયા પચાસ લાખનું વળતર ચુકવવાનો આદેશ કર્યો છે.નારયણને ફસાવવાના મામલામાં કેરળ પોલીસના અદિકારીઓની શંકાસ્પદ ભુમિકાને લઈને ન્યાયિક કમિટિની રચના પણ કરવામાં આવી છે. આ કમિટિ માટે  કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સભ્યો નિયુક્ત કરશે. કમિટિના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ ડીકે જૈનેસ રહેશે.આ પહેલા નારાયણની અપીલ પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.નારાયણે પોતાની અરજીમાં કેરળના પુર્વ ડીજીપી મેથ્યુ અને અન્ય વિરુધ્ધ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.હકીકતમાં સીબી મેથ્યુએ આ જાસુસી કેસની તપાસ કરી હતી.

નારાયણે કેરલ હાઈકોર્ટના આદેશ વિરુધ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે ડીજીપી સીબી મેથ્યું અને બે નિવૃત પોલીસ અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની કોઈ જરુર નથી. આ અધિકારીઓ સીબીઆઈએ નારાયણની ધરપકડ માટે જવાબદાર ઠેરવ્યા હતા.

૧૯૯૪માં માલદિવની એક મહિલાને ઈસરોના ક્રાયોજેનિક એન્જીનની ડિઝાઈન વેચી નાંખવાના કેસમાં ઈસરોના કેટલાક વિજ્ઞાનીઓની ધરપકડ કરી હતી.આ ડિઝાઈન પાકિસ્તાનને મોકલાઈ હોવાનો આરોપ હતો.૧૯૯૬માં કોર્ટે તમામ આરોપીઓને મુક્ત કર્યા પણ નવી કેરળ સરકારે ફરીથી તપાસ કરાવી. ૧૯૯૮માં સુપ્રીમ કોર્ટે આ તપાસના આદેશ રદ કરી દીધો. ૧૯૯૯માં વિજ્ઞાનીઓએ સુપ્રીમમાં વળતરનો દાવો કર્યો હતો.

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઈની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.
સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઈલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઈ શકાતું હતું.
ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# એચ-૪ વિઝા ધારકોની વર્કપરમિટ ૩ મહિનામાં રદ કરી દેવાશે : ત્રણ મહિનામાં નવા નિયમો ટ્રમ્પ સરકારની મંજુરી માટે મુકાશે : યુએસઆઇડી

અમેરિકામાં ઓબામાના શાસનકાળમાં લાગુ કરાયેલા નિયમોનો સૌથી મોટો લાભ મેળવનાર ભારતીય મહિલાઓ પર સીધી અસર કરે તેવો નિર્ણય ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર દ્વારા લેવાઈ રહ્યો છે.ટ્રમ્પ સરકારે ફેડરલ કોર્ટને જણાવ્યુ છે કે એચ-૪ વિઝા ધારકોની વર્ક પરમિટ રદ કરવાનો નિર્ણય ૩ મહિનામાં લેવાશે. અમેરિકામાં એચ-૧ બી વિઝા ધારકોના જીવનસાથી અને ૨૧ વર્ષથી ઓછી વયના સંતાનોને એચ-૪ વિઝા આપવામાં આવે છે. આ વિઝા અંતગર્ત તેમને વર્ક પરમીટ અપાતી હોય છે.જેથી તેઓ અમેરિકામાં કાયદેસર રીતે નોકરી કરી શકે છે.ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટી દ્વારા અદાલતમાં કરાયેલી રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે અને એચ-૧બી વિઝાધારકોના પરિવારજનોને એચ-૪ વિઝા અંતગર્ત મળતી વર્ક પરમિટની જોગવાઈ નાબુદ કરવા જઈ રહ્યા છે. આ દિશમાં નક્કર અને ઝડપી પગલાં લેવામાં આવી રહ્યા છે.નવા નિયમો ૩ મહિનામાં વ્હાઈટહાઈસની બજેટ મેનેજમેન્ટ ઓફિસને સોંપી દેવાશે.

ડીએચએસે નવા નિયમો સરકારને સોંપાય નહીં ત્યાં સુધી અમેરિકી કામદારોનું પ્રતિનિધિત્વ કરતી સેવ-જોબ્સ યુએસએ સંસ્થા દ્વારા દાખલ કરાયેલી અરજી પરનો નિર્ણય સ્થગિત રાખવા અપીલ કરી છે.આ સંસ્થાનો દાવો છે કે અગાઉની ઓબામા સરકાર દ્વારા શરુ કરાયેલી નીતિને કારણે અમેરિકનો નોકરી ગુમાવી રહ્યા છે.

ઓબામા યુગનો નિયમ નાબુદ થવાથી સૌથી વધુ અસર ભારતીયો પર પડવાની છે.૨૫ ડિસે.૨૦૧૭ સુધીમાં અમેરિકન ઈમીગ્રેશન વિભાગે એચ-૪ વિઝાધારકોની રોજગાર માટેની ૧,૨૬,૮૫૩ અરજીને મંજુરી આપી હતી. મે ૨૦૧૫માં નિયમ લાગુ થયા બાદ આ તમામ મંજુરી અપાઇ હતી. જેમાં ૯૦,૯૪૬ પ્રારંભિક મંજુરી,૩૫૨૧૯ રિન્યુઅલ્સ અને ૬૮૮ રિપ્લેસમેન્ટ અરજીઓનો સમાવેશ થાય છે. વિઝા એચ-૪ અંતગર્ત અપાતી ૯૩ ટકા વર્ક પરમિટ બારતીયો મેળવે છે. પાંચ ટકા વર્ક પરમિટ ચીની નાગરિકોને મળે છે. અમેરિકામાં દર વર્ષે સૌથી વધુ એચ-૧બી વીઝા ભારતીય વ્યાયવસાયિકોને ફાળવવામાં આવે છે. તેના પગલે સૌથી વધુ એચ-૪ વિઝા પણ ભારતીયોને હિસ્સે આવે છે. આ વિઝાથી તેમને અમેરિકામાં પણ કાયદેસર રોજગારી મળી રહે છે.

# આંખ માટે લેસર ટેક્નીક શોધનાર ત્રણ વિજ્ઞાનીઓને ફિઝિક્સનો નોબલ પુરસ્કાર







ભૌતિક વિજ્ઞાન(ફીઝીક્સ)ના ક્ષેત્રમાં આ વર્ષે ત્રણ વ્યક્તિઓની નોબલ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.જેમાં લેસર ફીઝીક્સના ક્ષેત્રમાં કરાયેલી આધુનિક શોધ માટે ત્રણ વિજ્ઞાનીઓને નોબલ એનાયત થશે.આ ત્રણ વિજ્ઞાનીઓમાં અમેરિકાના આર્થર અસ્કીલ,ફ્રાંન્સના જેરાર્ડ મોઉરો અને કેનેડાના ડોના સ્ટ્રિકલેન્ડ સામે છે. આ ત્રણેય વિજ્ઞાનીઓએ લેસર ફીઝીક્સમાં જે શોધ કરી છે તેનાથી ઈન્ડસ્ટ્રી અને ચિકિત્સા ક્ષેત્રમાં અત્યંત એડવાન્સ મશીનનો માર્ગ સરળ બન્યો છે.વિજ્ઞાની આર્થર અસ્કીન ૯૬ વર્ષના છે અને તેમણે ઓપ્ટીકલ ટ્વીઝર્સની શોધ કરી છે જે તેને લેસર બીમ ફિંગર્સ દ્વારા પાર્ટીકલ્સ ,અણુઓ,વાયરસ અને અન્ય સજીવ કોષોને પકડી શકે છે.રોયલ સ્વીડીશ એકેડમી ઓફ સાયંસે આ અંગે ટીપ્પણી કરી હતીકે તેઓની આ શોધમાં પ્રકાશના રેડિયેશન પ્રેસરનો ઉપયોગ તેવો કરી શકે છે. અનેસાયન્સ ફિક્શનનું સૌથી જુનુ સ્વપ્ન હતુ જે સાકાર થયું છે.ડોના મહિલા વિજ્ઞાની છે અને તેઓ ફીઝીક્સમાં નોબલ મેળવનારા ત્રીજા મહિલા છે.

# ગીરના વનમાં તંત્રની બેદરકારીએ સિંહોનો મૃત્યુ આંક ૨૩ પર પહોચ્યો

એશીયાટીક સિંહોનું એકમાત્ર સ્થાનક ગીર માં વનરાજોના મોતથી કુલ આંકડો ૨૩ પર પહોચ્યો છે. હજુ બીજા પાંચ સિંહોની સ્થિતિ નાજુક છે.વનતંત્ર બેદરકાર છે અને સરકારી તંત્ર ઉત્સવો,મેળવડા,અને મીટીંગોમાં વ્યસ્ત છે.જુદા જુદા બહાના હેઠળ ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે.સિંહોની તપાસ કરતી ટીમે જણાવ્યુ હતું કે સિહોનો રોગ પ્રતિકારક શક્તિ મંદ થઇ ગઇ છે.આથી ગીરના સિહોને રસી આપવી પડશે.જેથી વેક્સીનેશનની કાર્યવાહી શરુ કરવામાં આવી રહી છે.બીમાર પશુઓના મારણથી પણ સિંહોમાં રોગચાળો ફેલાયો હોવાની શક્યતાઓ છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# એનડીએ સરકારના રાજમાં રુ. ૩ લાખ કરોડથી વધુ ચુનો સરકારી બેન્કોને લાગી ગયો

છેલ્લા ચાર વર્ષમાં રાષ્ટ્રીયકૃત બેન્કોએ જેટલી લોનની વસુલાત કરી છે તેનાથી સાત ગણી વધુ લોન તેમણે માંડવાડ કરી છે. મતલબ કે મોદી સરકારમાં ત્રણ લાખ કરોડથી વધુ રકમનો ચુનો સરકારી બેન્કોને લાગી ગયો છે. આ રિઝર્વ બેન્કે જારી કરેલા આંકડાઓમાં જણાવાયું છે.એપ્રિલ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી દેશની ૨૧ રાષ્ટ્રીયકૃત બેન્કોએ રુ. ૩,૧૬,૫૦૦ કરોડની લોનને રાઈટ ઓફ કરી દીધી છે. મતલબ કે ધાલખાધમાં નાખી દીધી છે.તેની સામે બેન્કોએ માત્ર રુ.૪૪,૯૦૦ કરોડની લોન જ વસુલી ઝે. જેટલી લોનને માંડવાળ ખાતામાં નાંખવામાં આવી છે તેના પર નજર કરીએ તો તે વર્ષ ૨૦૧૮-૧૯માં આરોગ્ય,શિક્ષણ, અને સામાજિક સુરક્ષા પર નક્કી થયેલા કુલ બજેટ રુ.૧.૩૮ લાખ કરોડથી બેગણી વધુ છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કરીને તેને મોદી કૃપા અને પબ્લીક લુંટ ગણાવ્યા હતા. આ ચાર વર્ષોમાં ૨૧ બેન્કોએ જેટલું દેવું ધાલખાધ ખાતામાં નાંખી દીધું છે. તે ૨૦૧૪ અગાઉના ૧૦ વર્ષ સુધી ધાલખાધ ખાતામાં નાંખવામાં આવેલી રકમથી ૧૬૬ ગણાથી વધુ છે.

# વાહન ચાલક માટે રુપીયા ૧૫ લાખનો પર્સનલ એક્સિડેન્ટનો વિમો ફરજીયાત

મોટર-વાહનો ધરાવતાં તમામ માલિક અને ડ્રાઈવરો માટે ઈરડાએ પર્સનલ એક્સિડન્ટ કવર રુ.૧૫ લાખ ફરજીયાત બનાવ્યુ છે. આમ હવે તમામ મોટર-વાહનની વીમા પોલીસીમાં માલિક અને ડ્રાઈવર માટે પર્સનલ એક્સિડેન્ટ વીમાનું કવચ ડ્રાઈવીંગ વખતે અકસમાત સંદર્ભમાં મૃત્યુ થાય તો રુ. ૧૫ લાખ રહેશે.આમ તમામ મોટર-વાહન માલિકોએ પર્સનલ એક્સિડન્ટના વીમાની રુ. ૧૫ લાખની પોલીસી ઉતરાવવાની રહેશે.અગાઉ આ જોગાવાઈ ટુ વ્હીલસર્સ માટે ફક્ત રુ.૧ લાખ અને મોટા વાહનો માટે રુ. ૨ લાખ હતી મદ્રાસ હાઈકોર્ટ દ્વારા ચુકાદાને પગલે ઈરડાએ તેની રકમ વધારીને રુ. ૧૫ લાખ કરી છે.અને જોગવાઈઓને ફરજીયાત બનાવી છે.આ હિલચાલને કારણે અકસ્માતે મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને અને ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલક કે જેનું મૃત્યુ થયું હોય તેના પરિવારને રાહત મળશે.કારણે મોટાભાગના ટુ વ્હીલર્સ ચાલકોનો પર્સનલ એક્સિડન્ટ વીમો ઉતરાવેલો હોતો નથી.

# દિલ્હીમાં ખેડુતોનો મોરચો : દિલ્હીમાં પ્રવેશતા અટકાવવા કિસાનો પર લાઠીચાર્જ અને અશ્રુવાયુ છોડાયા

૧૫ જેટલી માંગણીઓ સાથે ૨૩ સપ્ટે.થી હરિદ્વારથી શરુ થયેલી લગભગ ૩૦ હજાર જેટલા ખેડુતોની રેલી રાજધાની નવી દિલ્હી પહોચી હતી.જો કે દિલ્હી અને ઉત્તર પ્રદેશની સરહદ પર આ રેલીને અટકાવવામાં આવી હતી.હજારો ખેડુતો દિલ્હીના પાડોશ ઉત્તર પ્રદેશમાંથી ટ્રેક્ટરો અને ટ્રોલીઓમાં રાજધાની પહોચ્યા હતા.તેમની રેલી કિસાન ઘાટ સમાપ્ત થવાની હતી. પરંતુ સરકારે ૧૪૪મી કલમ લાગુ કરીને તેમને શહેરમાં પ્રવેશતા અટકાવ્યા હતા.જેના પગલે સુરક્ષા દળો અને ખેડુતો વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો.પરિણામે સંખ્યાબંધ ખેડુતો ઘાયલ થયા હતા.

ખેડુતો લોનમાફી, વીજળી અને ડીઝલમાં સબસીડી,૬૦થી વધુ વયના ખેડુતો માટે પેન્સન અને સ્વામીનાથન પંચની ભલામણોનો અમલ સહિતની ૧૫ માંગો પુરી કરવા માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જો કેન્દ્ર સરકારને આવનાર ચુંટણીઓની તૈયારી કરવામાંથી ફુરસત નથી.

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.